| | |
|---|---|
| રજુ તારીખ | : ૧૨/૦૫/૨૦૧૪ |
| દાખલ તારીખ | : ૧૨/૦૫/૨૦૧૪ |
| ફેંસલ તારીખ | : ૨૫/૦૫/૨૦૧૮ |
| | |

**મે.ખેડા જીલ્લાના મોટર એકસીડન્ટ કલેઈમ ટ્રીબ્યુનલ (સહાયક)**
**અને ચોથા એડી.ડીસ્ટ્રીકટ જજ સમક્ષ, મુ.નડીઆદ.**

**એમ.એ.સી.પી.નં. ૪૫૨/૨૦૧૪**
**આંક :**

**અરજદાર :-** **પરેશભાઈ અરવિંદભાઈ વાઘેલા**
ઉ.વ. ૧૯, ધંધો–મજુરી,
રહે. સ્વામીનારાયણ નગર, તોરણાં, તા.કપડવંજ, જિ. ખેડા.

**-:: વિરૂઘ્ધ ::-**

**(રીક્ષા નં. જી.જે.૭ વી.ડબલ્યુ.૨૦૬૯ ના ચાલક)**
**સામાવાળા :** (૧) હરજીભાઈ વલુભાઈ ભરવાડ
ઉ.વ.૨૮, ધંધો–ડ્રાઈવીંગ
રહે. ભાથીજી ગેટ સામે, ખેતરમાં, ભાટેરાં,
તા.કઠલાલ, જી. ખેડા.
**(રીક્ષા નં. જી.જે.૭ વી.ડબલ્યુ.૨૦૬૯ ના માલિક)**
(૨) હર્ષદકુમાર પૂનમભાઈ પરમાર
ઉ.વ.પુખ્ત, ધંધો–વેપાર,
રહે. વાઘેલા ફળીયુ, ભાટેરાં, તા.કઠલાલ, જી. ખેડા.

.................................................................................

**મોટર વ્હીકલ એકટની કલમ–૧૬૬ મુજબ**
**વળતર રૂા.૯,૯૯૯/- વળતર મેળવવા માટેની અરજી**

.................................................................................

અરજદારના વિઘ્વાન વકીલશ્રી એચ.આર. પટેલ
સામાવાળા નં.૧ , ૨ તરફે એક તરફી

.................................................................................

**: ચુકાદો :**

(૧) હાલની વળતર અરજી અરજદાર ઘ્વારા રૂા. ૯૯૯૯/- (અંકે રૂપિયા નવ હજાર નવસો નવ્વાણું પુરા) વળતર મેળવવા માટે કરવામાં આવેલ છે. અરજદારને તા. ૧ ૨/૦૯/૧૩ ના રોજ અકસ્માત થયેલ અને જેના અનુસંધાને અરજદારને ગંભીર

ઈજાઓ થયેલ જેથી અરજદારે હાલની અરજી સામાવાળાઓ વિરૂઘ્ઘ મોટર વહીકલ એકટની કલમ–૧૬૬ મુજબ કરેલ છે.

(૨) આ કામમાં હાલની વળતર અરજીની ટુંકમાં હકીકત એવી છે કે :– અરજદાર તા. ૧૨/૦૯/૧૩ ના રોજ કઠલાલ મુકામેથી કપડવંજ આવવા માટે રીક્ષા નં. જી.જે.૭ વી.ડબલ્યુ. ૨૦૬૯ માં બેસીને નીકળેલ અને સદરહું રીક્ષાના ચાલક કઠલાલથી કપડવંજ તરફ જતા રેલવે ફાટક પસાર કરી પુરઝડપે અને બેદરકારી ભરી રીતે ચલાવી લઈને જતા રોડ ઉપર આવેલ સોલંકી પુરા આગળ સાંજના આશરે સવા પાંચેક વાગ્યાના સુમારે અચાનક પલટી ખાઈ ગયેલ જેથી સદરહું અકસ્માતમાં અરજદારને ડાબા હાથે કાંડાથી કોણીના ભાગ સુધી, ડાબા પગે ઢીંચણ ઉપર તેમજ શરીરે અન્ય નાની મોટી ઈજાઓ થતા પ્રથમ કઠલાલ સરકારી હોસ્પીટલમાં ત્યારબાદ કપડવંજ મુકામે ડો.સુધીર કોઠારીની હોસ્પીટલમાં સારવાર માટે લઈ ગયેલા જયાં તેઓની સારવાર કરાવવામાં આવેલી ત્યારબાદ બહારના દર્દી તરીકે સારવાર કરાવેલી. જેના વળતર પેટે સામાવાળાઓ પાસેથી રૂા. ૯,૯૯૯/– મેળવવા સદર અરજી કરેલ છે.

(૩) આ કામમાં અરજદારના કેસની હકીકત એવી છે કે અકસ્માત વખતે અરજદાર ૧૯–વર્ષની ઉંમરના હતા અને અકસ્માત અગાઉ તોરણા મુકામે રહેતા હતા અને મજુરી કરી માસિક રૂા.૩,૦૦૦/– કમાતા હતા અને અકસ્માતના કારણે બે માસ સુધી મજુરી કરી શકેલ નહીં. જેથી બે માસની આવક ગુમાવી પડેલ છે અને અરજદારે દવા પાછળ તથા પૌષ્ટિક ખર્ચ પાછળ એમ કુલ રૂા.૯૯૯૯/– જેટલો કુલ ખર્ચ કરેલો અને જેથી શારીરિક તેમજ માનસિક પીડા અને અકસ્માતના કારણે તેઓને કામ ધંધો બગડેલો જેથી અરજદાર લમસમ રૂપિયા ૯,૯૯૯/–

મેળવવા માટે હાલની અરજી કરેલી છે.

(૪) આ કામમાં અરજી દાખલ થતા નોટીસો કાઢવામાં આવેલી અને જેમાં નિયમ મુજબ સામાવાળાઓને સમન્સ નોટીસ બજી જવા છતાં સામાવાળા તરફે કોઈ હાજર ન રહેતા તેઓ તરફે કામ એકતરફી ચલાવવામાં આવેલ છે.

(૫) અરજદાર તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ.

**: દસ્તાવેજી પુરાવો :**

| ક્રમ | આંક | પુરાવો |
|---|---|---|
| ૧ | ૧૯ | અરજદારનું સરતપાસનું સોગંદનામું |
| ૨ | ૨૧ | ફરીયાદની નકલ |
| ૩ | ૨૨ | પંચનામાની નકલ |
| ૪ | ૨૩ | રીક્ષા નં. જી.જે.૭ વી.ડબલ્યુ. ૨૦૬૯ ની આર.સી.બુક |
| ૫ | ૨૪ | અરજદારના સારવાર સર્ટી. |
| ૬ | ૨૫ | ડો. સુધીર કોઠારીની હોસ્પીટલનું મેડી.સર્ટીફીકેટ |

(૬) આ કામમાં અરજી દાખલ થતા નોટીસો કાઢવામાં આવેલી અને જેમાં નિયમ મુજબ સામાવાળાઓને સમન્સ નોટીસ બજી જવા છતાં સામાવાળા તરફે કોઈ હાજર ન રહેતા તેઓ તરફે કામ એકતરફી ચલાવવામાં આવેલ છે. અરજદારના વિદ્વાન વકીલશ્રીની દલીલો સાંભળી.

(૭) ઉપરોકત પુરાવા તેમજ પ્લીડીંગ ઉપરથી આંક–૧૪ થી નીચે મુજબના મુદ્દા ઘડવામાં આવ્યા છે.

(1) Whether the applicant proves that, she / he had sustained injuries because of rash and negligent driving on the part of the driver of vehicle involved in the accident ?

(2) Whether the applicant is entitled to get compensation ? If Yes, what amount and from whom ?

(3) What award and order ?

(૮) ઉપરોકત મુદ્દાનો જવાબ નીચે મુજબ છે.

(૧) હકારમાં.

(૨) હકારમાં.

(૩) આખરી હુકમ મુજબ.

(૯) ઉપરોકત મુદ્દાઓના મારા કારણો નીચે મુજબ છે.

**:: કા ર ણો ::**

**<u>(૧૦) મુદ્દા નં. ૧ નેગ્લીજન્સી :</u>**

આ કામમાં વિ.વ.શ્રીની દલીલો તેમજ રેકર્ડ ઉપરનો પુરાવો જોતા તેમજ આંક–૧૯ થી રજુ અરજદારનું સોગંદનામું ધ્યાને લેતા તેમજ આ કામમાં આંક–૨૧ વાળી ફરીયાદ અને આંક–૨૨ નું પંચનામું લક્ષમાં લેતા એવુ ફલિત થાય છે કે આ કામના અરજદાર તા. ૧૨/૦૯/૧૩ ના રોજ કઠલાલ મુકામેથી કપડવંજ આવવા માટે રીક્ષા નં. જી.જે.૭ વી.ડબલ્યુ. ૨૦૬૯ માં બેસીને નીકળેલ અને સદરહું રીક્ષાના ચાલક કઠલાલથી કપડવંજ તરફ જતા રેલવે ફાટક પસાર કરી પુરઝડપે અને બેદરકારી ભરી રીતે ચલાવી લઈને જતા રોડ ઉપર આવેલ સોલંકી પુરા આગળ સાંજના આશરે સવા પાંચેક વાગ્યાના સુમારે અચાનક પલટી ખાઈ ગયેલ જેથી સદરહું અકસ્માતમાં અરજદારને ડાબા હાથે કાંડાથી કોણીના ભાગ સુધી, ડાબા પગે ઢીંચણ ઉપર તેમજ શરીરે અન્ય નાની મોટી ઈજાઓ થયેલ. વધુમાં આંક–૨૧ ની ફરીયાદ ધ્યાને લેતા ફરીયાદ સામવાાળા નં. ૧ એટલે કે રીક્ષાના ચાલક સામે થયેલ છે.

વધુમાં આ કામમાં અગાઉ ટ્રીબ્યુનલ ધ્વારા આપવામાં આવેલ ચુકાદા

એમ.એ.સી.પી. ૬૮/૨૦૧૪ ની નકલ રજુ કરેલ છે. અને જેમાં અગાઉ ટ્રીબ્યુનલ ે નેગલીજન્સીનો મુદ્દો નકકી કરેલ છે અને તેમા આ કામના રીક્ષા નં. જી.જે. ૭ વી.ડબલ્યુ. ૨૦૬૯ ચાલકની બેદરકારી ૯૦ ટકા અને અરજદારની ૧૦ ટકા બેદરકારી ઠરાવેલ છે. એમ.એ.સી.પી. ૬૮/૨૦૧૪ ના ચુકાદામાં અરજદાર સદર રીક્ષામાં ડ્રાઈવરની સાથે આગળ બેઠેલા હોય જેથી તેઓની ૧૦ બેદરકારી ઠરાવેલ છે. પરંતુ અત્રેના કેસની હકીકત જોતા અરજદાર સદર રીક્ષામાં પાછળ બેઠેલા હતા. જેથી આ કામના અરજદારની કોઈ બેદરકારી ગણવામાં આવતી નથી. આ કામમાં ઉપરોકત ચર્ચાઓ મુજબ અને દસ્તાવેજી પુરાવા ઉપરથી અકસ્માતનો બનાવ રીક્ષા નં. જી.જે. ૭ વી.ડબલ્યુ. ૨૦૬૯ ચાલકની સંપૂર્ણ બેદરકારીના કારણે થયેલ છે તેવું ઠરાવવામાં આવે છે અને તે રીતે મુદ્દા નં.૧ નો નિર્ણય હકારમાં આપવામાં આવે છે.

**(૧૧) મુદ્દા નં.૨ કવોન્ટમ :**

(૧૧.૧) આ કામમાં હાલની વળતરની અરજી રૂા.૯,૯૯૯/– મેળવવા માટે દાખલ કરવામાં આવેલ છે અને કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ હાલની ટ્રાયલ એ સમરી ટ્રાયલ છે. આ કામમાં અરજદાર આંક–૧૯ થી પુરાવાનું સોગંદનામું મુકેલ છે અને જે મુજબ અરજદારને શરીરના વિવિધ ભાગોમાં નાની–મોટી સામાન્ય ઈજાઓ થયેલ છે. જે અન્વયે અરજદારે કપડવંજ મુકામે ડો.સુધીર કોઠારીની હોસ્પીટલમાં સારવાર લીધેલ છે અને તે દર્શાવવા માટે અરજદારે આંક–૨૫ થી રજુ ઈન્ર્જરી સર્ટીફીકેટ મુજબની ઈજાઓ થયેલ છે તેમજ અરજદારના આંક–૧૯ ના એફીડેવીટમાં જણાવેલ છે કે સદર ઈજાઓના કારણે તેઓ બે માસ સુધી મજુરી કામ કરી શકેલ નથી. જેથી આ કામમાં ઈજાનો પ્રકાર અને અરજદારે કરેલ ખર્ચ વિગેરે ધ્યાનમાં લઈ અરજદારને

લમસમ રૂપિયા **૯,૫૦૦/-** (અંકે રૂપિયા નવ હજાર પાંચસો પુરા) વળતર ચુકવવામાં આવે તો તે ન્યાયોચિત અને વ્યાજબી જણાય છે.

(૧૨) નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદા કુમરસ વિરૂધ્ધ નેશનલ ઈન્સ્યોરન્સ કંપની લિ. ૨૦૧૧ એસ.સી.જે. ૧૯૭૫ તથા નેશનલ ઈન્સ્યો. કંપની વિરૂધ્ધ દિનેશભાઈ પટેલ ૨૦૧૬ એસ.સી.જે. ૧૨૭૭ માં નામદાર સર્વોચ્ચ અદાલતે ૯-ટકા વ્યાજ ચુકવેલ હોય જેથી હાલના કામમાં પણ જો અરજદારને ૯-ટકા વ્યાજ સહિત વળતર ચુકવવામાં આવે તો ન્યાયોચિત જણાય છે. જેથી અરજદારની અરજી દાખલ કર્યાથી કોર્ટમાં રકમ ભરપાઈ સુધી ૯ ટકાના દરે વ્યાજ આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૧૩) **લાયેબીલીટી :** આ કામમાં મુદ્દા નં.૧ માં ચર્ચા કર્યા મુજબ અકસ્માતનો બનાવ સામાવાળા નં.૧ રીક્ષા નં. જી.જે.૭ વી.ડબલ્યુ. ૨૦૬૯ ના ચાલકની સંપૂર્ણ બેદરકારી ઠરાવેલ હોય અને આંક-૨૩ થી રજુ આર.સી. બુક મુજબ સદરહું રીક્ષા સામાવાળા નં. ૨ ની માલીકીની હોય જેથી સામાવાળા નં.૧ અને ૨ સંયુકત અને વિભકત રીતે અરજદારને વળતરની રકમ ૯ ટકા વ્યાજ સહિત ચુકવવા જવાબદાર હોય તેવું હું ઠરાવવુ છું. અને મુદ્દા નં. ૨ નો જવાબ તે રીતે હકારમાં આપુ છું.

(૧૪) **મુદ્દા નં. ૩** : ઉપરોકત મુદ્દા નં.૧, ૨ ના કારણો મુજબ ચર્ચાવામાં આવેલ કારણો મુજબ મુદ્દા નં. ૩ માટે આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

(૧) અરજદાર/એપેલન્ટની અરજી અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) અરજદાર / એપેલન્ટ સામાવાળા નં. ૧ અને ૨ પાસેથી સંયુકત અને વિભકત રીતે

લમસમ રૂા.**૯,૫૦૦**/– (અંકે રૂપિયા નવ હજાર પાંચસો પુરા) ૯–ટકાના વ્યાજ સહિત અરજી દાખલ કર્યા તારીખથી વળતરની રકમ કોર્ટમાં ડીપોઝીટ થાય ત્યાં સુધી ૯ ટકા વ્યાજ સહિત રકમ મેળવવા હકકદાર છે તેવુ હું ઠરાવવું છું.

(૩) એવોર્ડની રકમ મુજબ ખુટતી કોર્ટ ફી નિયમ મુજબ કાપી અને વળતરની રકમ ખુબજ નોમીનલ હોય કોર્ટ ફી કાપ્યા બાદની તમામ રકમ અરજદારને એકાઉન્ટ પેયી ચેકથી અરજદારના નામે આપવો.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

સદર ચૂકાદો આજરોજ તા. ર૫મી માહે–મે સને ર૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

નડીયાદ.
તા. ર૫/૦૫/ર૦૧૮

**(ધર્મેન્દ્ર સિંહ)**
એમ.એ.સી.ટી. (ઓકઝીલરી) અને
ચોથા એડિ. ડીસ્ટ્રીકટ જજ, ખેડા–એટ–નડીયાદ.
**(જયુડી કોડ નં. જી.જે ૦૧૫૧૩)**

(/મિશ્રા–પી.એ.)